# પાલનપુરમાં વેપારીના ૧૩ લાખ ભરેલી બેગ લઈ બે શખ્સો ફરાર થઈ જતા ચકચાર

પાલનપુર શહેર માં ગઠામણ ગેટ નજીક આવેલ એચ ડી એફ સી






બેંક ની આગળ બે શખ્સો એ કાર ના માલિક અને ડ્રાઈવર સાથે તરકટ રચી ગાડી માં પડેલા ૧૩ લાખ ૧૫ હજાર લઈને ફરાર થઈ ગયા હતા ઘટના સ્થળે થી મળતી માહિતી મુજબ આજે સિધ્ધપુર ના રહેવાસી વાહિતખાન બલોચે પાલનપુરની એચ ડીએફસી બેન્ક માં તેમના બેન્ક ખાતાના નાણાં ઉપાડી તેમની કારમાં બેસી ગયા હતા તે દરમિયાન એક અજાણ્યા શખ્સે કારના માલિકને બેન્ક મેનેજર બોલવે છે તેમ કહેતા તેઓ બેન્ક તરફ ગયા હતા ત્યારે અન્ય એક શખ્સે કારમાં બેઠલ ડ્રાઈવરને તમારા નાણાં પડ્યા છે તેમ કહેતાની સાથે ડ્રાઈવર નીચે ઉતરતાની સાથે બીજા શખ્સે કાર માં પડેલ ૧૩ લાખ રૂપિયાની બેગ લઈ રફુચક્કર થઈ ગયો હતો. પાલનપુરમાં બે ભેજાબાજ શખ્સો એ માલિક ને ડ્રાઈવર ને ફિલ્મી ઢબે તરકર રચી ૧૩ લાખ રૂપિયા ભરેલી બેગની ઉઠાંતરી કરવામાં સફળ રહ્યા હતા. પોલીસ પણ આવી પોહચી પણ હતી અને આગળ તપાસ હાથધરી હતી જો કે પોલીસ તપાસ માં પાલનપુર શહેરના હાર્દસમા વિસ્તાર ગુરુનનાક ચોક નજીકથી એક મોટરસાયકલ પર રૂપિયાના ખાલી બેગ લટકેલી હાલતમાં મળી હતી.



## ખેડબ્રહ્મામાં અહેમદ પટેલની જીતની ઉજવણી કરાઈ

ખેડબ્રહ્મામાં તાલુકા તથા શહેર કોંગ્રેસ દ્વારા રાજ્યસભાની ચૂંટણીમાં અહેમદ પટેલની જીતની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખેડબ્રહ્માના અશ્વિન કોટવાલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ જનકસિંહ વાઘેલા, સાગર પટેલ, પ્રવિણસિંહ સોલંકી, રામજી મહારાજ સહિત કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. જેમણે સરદાર ચોકમાં ફટાકડા ફોડી, સરદાર વલ્લભભાઈની પ્રતિમાને હાર પહેરાવી વિજય ઉત્સવ મનાવ્યો હતો.

## ધનસુરા તાલુકા કિસાન સંઘના અગ્રણીનું નિધન

ધનસુરા તાલુકા કિસાનસંઘના પૂર્વ પ્રમુખ બળવંતરાય એમ. ગોરનું ટુંકી માંદગી બાદ નિધન થતાં સમગ્ર શિણોલપંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. અંતિમ યાત્રામાં તાલુકાના કિસાન સંઘના કાર્યકરો તથા ગ્રામજનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

## ધનસુરા યુજીવીસીએલ સબ ડિવિઝનના જુનિયર ઈજનેર લાંચ લેતા ઝડપાયા

ધનસુરા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના ધનસુરામાં એસીબીના અધિકારીઓએ છટકું ગોઠવી યુજીવીસીએલના જુનીયર ઈજનેરના ફોલ્ડરીયાને લાંચ લેતા ઝડપી પાડ્યો હતો. યુજીવિસીએલના જુનીયર ઈજનેરે ખેત વીજ જોડાણ ચેન્જ કરવા માટે ૫ હજારની લાંચ માંગી હતી. જે બદલ ફરીયાદીએ અરવલ્લી એસીબીને જાણ કરતા એસીબીના અધિકારીઓ એ ધનસુરા બસસ્ટેશન પાસે છટકું ગોઠવી ઈજનેરના ફોલ્ડરીયાને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ લાંચ માંગનાર યુજીવીસીએલના જુનીયર ઈજનેરને ઝડપી મોડાસા એસીબી ઓફિસે લઈ જઈ વધુ તપાસ હાથ ધરી હતી.



## ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં સ્ટેટ હાઈવે પર ગટર ઉભરાઈ

ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તારમાંથી પસાર થતો હિંમતનગર અંબાજી સ્ટેટ હાઈવે પર ગટર ઉભરાવાથી વાહનચાલક અને રાહદારીઓ પરેશાન થઈ ઉઠ્યા છે. ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં આરાધના સિનેમા સામે આવેલ ગટરમાં ગામ વિસ્તારનું પાણી આવે છે. પરંતુ નગરપાલીકા દ્વારા યોગ્ય સાફસફાઈ કરવામાં આવેલ ન હોઈ ગટર બ્લોક થઈ જવાથી ગંદુ પાણી રોડ ઉપર તળાવ સ્વરૂપમાં ફેરવાઈ ગયુ છે. પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓને નાક દબાવી પસાર થવુ પડે છે. ગામ વિસ્તારના તમામ રહીશોને અહીંથી જ પસાર થવુ પડતુ હોય છે. સ્થાનીક રહીશોને રહેવુ પણ મુશ્કેલ થઈ જાય તેવી દુર્ગંધ મારતી હોવા છતાં નગરપાલીકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

# મહેસાણા ખાતે જર્જરીત છતનું છજુ પડતાં મહિલાનું મૃત્યુ

મહેસાણા, તા. ૧૦

મહેસાણા ખાતે ટી.બી. રોડ પર આવેલ ઋતુરાજ ફ્લેટના નીચેના ભાગે ઓટલા પર બેઠેલ બે મહિલાઓ પર પ્રથમ માળની જર્જરીત છતનું છજું તૂટી પડતાં એક મહિલાનું કરૂણ મોત નિપજ્યુ હતુ. જ્યારે એક મહિલાને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વિગત એવી છે કે, મહેસાણા શહેરના ટી.બી. રોડ પર ઋતુરાજ ફ્લેટ આવેલ છે. આ ફ્લેટમાં રહેતા ગીતાબેન આનંદભાઈ બારોટ ઉ.વ. ૫૨ અને આ ફ્લેટના જ નીચેના ભાગે રહેતા અર્ચનાબેન મનોજભાઈ દેશમુખ બંને બહેનપણીઓ સાંજના સમયે ઓટલા પર બેઠા હતા ત્યારે અચાનક જર્જરીત હાલતમાં રહેલ છજાનો ભાગ તૂટી પડતાં બંને મહિલાઓ દટાઈ ગઈ હતી. જેથી આસપાસમાંથી દોડી આવેલા લોકોને કાટમાળ ખસેડી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને મહિલાઓને સારવાર માટે મહેસાણા જનરલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ગીતાબેન બારોટનું બ્રેઈન હેમરેજ થવાથી કરૂણ મોત નિપજ્યુ હતુ. જ્યારે અર્ચનાબેનને શરીરના કમરના ભાગે ગંભીર ઈજા થતાં તેમને આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાથી આ વિસ્તારમાં શોકની લાગણી છવાઈ હતી.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા અગસ્ત ક્રાંન્તિ દિવસની ઉજવણી

હિંમતનગર, તા. ૧૦

ઓગષ્ટ મહીનો એટલે આઝાદીના ચળવડના ઘડવૈયા, શહીદોને યાદ કરવાનો દિવસ. આ મહીનામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક કાર્યક્રમો આપેલ છે. જેના અનુસંધાને આજરોજ પ્રદેશ ભાજપ મંત્રી અને સાબરકાંઠા જીલ્લા નવનિયુકત સંગઠન પ્રભારી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષ સ્થાને જીલ્લાના તમામ સંગઠનને લગતા અગ્રણીઓની બેઠક મળી હતી. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે, આ બેઠકમાં આપણે સાબરકાંઠા જીલ્લાના વિવિધ મોરચાઓની નિમણુંક કરવામાં આવેલ. તેમજ આજથી તા. ૯ ઓગષ્ટ થી ૩૦ ઓગષ્ટ સુધી સાબરકાંઠા જીલ્લામાં મહાપુરુષો અને વીરસપૂતોની પ્રતિમાઓની આસપાસ સ્વચ્છતા અભિયાન, પ્રતિમાઓને પુષ્પાજંલિ અર્પણ કરવી, દરેક મંડળ સ્તરે મોટર સાઈકલ રેલી દ્વારા ત્રિરંગા યાત્રાનું આયોજન કરવું, યુવાઓમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવા માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં શહીદોના ચિત્રો/ફોટા મુકવા, રાષ્ટ્રીય ગીતોની સ્પધા, સ્વતંત્રતા દિવસે મંડળ સ્તરે ધ્વજ વંદનનો કાર્યક્રમ કરવો, જીલ્લા કક્ષાએ નયા ભારત-મંથનના



કાર્યક્રમનું આયોજન કરવું, પછાત તથા દલીત વર્ગમાં સ્વચ્છતા કેમ્પ, રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ વગેરે અનેક કાર્યક્રમોનું આયોજન કરવુ. તેમજ વધુ જે.ડી. પટેલે જણાવેલ કે, આપણા અગાઉના સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસાર સાથે કામ કરવાની પધ્ધતિ તેમની નાનામાં નાની બાબતોનું માર્ગદર્શન આપણને મળતું હતું. જે તેમની કામ કરવાની આગવી ઓળખ હતી. તેઓ કસાયેલા હતા અશોકભાઈનું તંદુસ્તી સારી રહે તેવી આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

સંગઠન પ્રભારી પ્રદિપસિંહ વાઘેલા જણાવેલ કે, આપણે પરીવાર તરીકે કામ કરતા હોઈએ છીએ. આપણા અશોકભાઈ ભાવસાર જે ગાંધીનગરમાં શ્રેષ્ઠ કાર્યલય બન્યુ કમલમ તેના નિર્માતા અશોકભાઈ હતા તે આપણા માટે ગૌરવની બાબત છે. મને આ જીલ્લામાંથી ખુબ શીખવાની ઈચ્છા છે. અહીં જીલ્લાનું નેતૃત્વ છે તે ઘણા સીનીયર આગેવાનો છે જેના કારણે હું જીતુભાઈ વાઘાણીનો આભારી છું. હું અહીં માર્ગદર્શન આપવા નહીં લેવા આવ્યો છું.

આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યુ છે. ભારતને વિશ્વગુરુ બનાવવું અને બનાવીને રહીશુ. આજે વિશ્વનું લીડર ભારત થયું છે. નરેન્દ્રભાઈનું સુત્ર કરકે કર કેહી રહેંગે, પ્રદિપસિંહ વાઘેલાએ વધુમાં જણાવેલ કે, દરેક કાર્યકર્તા દરેક પક્ષના કાર્યક્રમોમાં આવવા જોઈએ. તેઓ આવતી કાલનું ભવીષ્ય બને. આ પ્રસંગે જગદીશભાઈ ભાવસારએ જણાવેલ કે, જે.ડી.પટેલ, પી.સી.પટેલ, સંગઠનના અનેક સાથી મિત્રો સાથે સાબરકાંઠા જીલ્લામાં ચાર વર્ષ ઉપરાંત સમયગાળમાં કામ કર્યુ છે. તમારો સાથ સહકાર મને મળ્યો છે. મે અનેક કાર્યકર્તાઓ સાથે નાનામાં નાના કાર્યક્રમની વાત ચિંતા કરી હતી કયાંક મારાથી મનદુ:ખ થયું હોય તો ક્ષમાયાચના કરુ છું. આવનાર દિવસોમાં પ્રેમ તમારો મળી રહે, અહીં જીલ્લાના નેતૃત્વએ પ્રદેશના વિવિધ કાર્યક્રમોમાં સહકાર આપેલ છે. આવનાર ૨૦૧૭ની ચુંટણીઓમાં સફળતા મળે તેવી નેમ વ્યક્ત કરી હતી. આ મીટીંગમાં પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ પી.સી.પટેલને ગાંધીનગર-શહેર-જીલ્લાના પ્રભારી બનાવાતા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે તેમનું સન્માન કરી અભીવાદન કર્યુ હતુ.



મહેસાણા જિલ્લા સહકારી સંઘમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન પદે બહુચરાજીના વિઠ્ઠલભાઈ પટેલ અને વાઈસ ચેરમેન પદે કડીના રાજેન્દ્રભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

# મોડાસા શહેરમાં પીક-અપ ડાલામાં ગાયો ચોરતી ગેંગને ફિલ્મી ઢબે પીછો કરી પકડી લીધી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં કસાઈઓ બેફામ બની પશુપાલકોની હાજરીમાં ઘર બહાર બાંધેલ પશુઓ અને રોડ પર રખડતા પશુઓને





ઉઠાવી જઈ ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલી દેવા સતત સક્રિય હોય છે. પશુચોરો બેફામ બનતા અને પોલીસની નિષ્ક્રિયતાના પગલે પશુપાલકો જાતે પશુઓની રખેવાળી કરવી પડે છે. મંગળવારની મધ્યરાત્રિએ મોડાસા શહેરના ભાવસારની વાડી પાસે રહેતા પશુપાલકની ૫ ગાયો ચોરાતાં આ ઘટનાની જાણ અન્ય પશુપાલકોને કરતા પશુપાલકોની ટીમે ઈનોવા કારમાં પશુચોરોને પકડવા વોચ ગોઠવાતા બુધવારે વહેલી સવારે ૩ કલાકે ફરીથી પશુઓની ચોરી માટે પીક-ડાલુ આવી અન્ય પશુપાલકની ગાયો પીક-અપ ડાલામાં ભરી ભાગતા ઈનોવા કારમાં સવાર લોકોએ પશુચોરોનો પીછો કરતા પીક-અપ ડાલુ માલપુર રોડ પર ભગાવી મુકતા સહયોગ ચોકડી નજીક ઉભેલી પોલીસે પણ પશુચોરોનો ફિલ્મી ઢબે પીછો કરતા મોડીરાત્રે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. પીક-અપ ડાલનું ટાયર ફાટતા પલટી જતા ચાર શખ્સો રોડ પર પટકાતા શરીરે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ખસેડાયા હતા અન્ય એક શખ્સ ભાગી જતા મોડાસા ટાઉન પોલીસે ૫ અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસાની ભાવસારની વાડી પાસે રહેતા પશુપાલકોમાંથી જયેશભાઈ માણકાભાઈ રબારીની ૫ ગાયો મંગળવારની રાત્રીના દોઢ વાગ્યાંના સુમારે કોઈ અજાણ્યા પાંચ શખ્સો ચોરી જતા પશુપાલકે આ ઘટનાની જાણ બાજુમાં રહેતા ગફુલભાઈ કરસનભાઈ રબારીને જાણ કરતા અન્ય પશુપાલકો મળી ઈનોવા કાર (ગાડી.નં-જી.જે.૧૮.બી.બી ૯૦૪૭) લઈ પશુચોરોને ઝડપી પાડવા વોચમાં ગોઠવાયા હતા ત્યારે વહેલી સવારે ફરીથી પશુતસ્કરો પીક-અપ ડાલુ (ગાડી.નં-એચ.આર.૭૪.એ.૯૩૬૭) લઈ બીજી ગાયો ડાલામાં ચડાવતા નજરે પડતા પશુપાલકો આવી જતો પશુચોરો ગાયો ભરી ડાલુ મારી મુકતા પશુપાલકો ઈનોવાકાર દ્વારા પીછો ચાલુ રાખતા માલપુર રોડ પર ઉભેલી પોલિસને જાણ કરતા પોલિસ વાહન અને ઈનોવા પીછો પૂરપાટે દોડતા પીક-અપ ડાલનું ટાયર સાકરીયા નજીક ફાટી જતા ડાલુ પલટી જતા ડાલામાં સવાર ચાર શખ્સો અને ચોરી કરી ડાલામાં બાંધી રાખેલી ગાયો પટકાતા શરીરે ચાર શખ્સોને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા સેનેટરી વિભાગ તથા આરોગ્ય ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું

### પકોડીની લારીઓ તથા ફ્રૂટની લારીઓ સહિત ખાણી પીણી દુકાનોમાં ચેકિંગ : ૫૦ રૂપિયાથી ૫૦૦ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા સેનેટરી



વિભાગ તથા તાલુકા હેલ્થ ઓફિસર આરોગ્ય ટીમ દ્વારા સંયુક્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતું જેમાં ખાણી પીણીની દુકાનો સહિત પાણી-પુરીઓની લારીઓ ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવી હતી.

ચોમાસા પછી રોગચાળા ઉપર અંકુશ અને સ્વચ્છતાને લઈને પાંતિજ નગરપાલિકા સેનેટરી ટીમ તથા તાલુકા હેલ્થ આરોગ્ય વિભાગ ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ, એપ્રોચ રોડ, હાઈવે ત્રણ રસ્તા ખાતે આવેલ ખાણીપીણીની દુકાનો સહિત પાણીપુરીની લારીઓ ફ્રુટની લારીઓ ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ચેકિંગ દરમ્યાન પકોડી લારીઓ ઉપરથી સળેલા બટાકા મળી આવ્યાં હતાં અને કેટલી જગ્યાએ દુષિત પાણીનો ઉપયોગ થતાં પાણી મીનરલ વાપરવા તથા સ્વચ્છતા જાળવવા સુચનાઓ આપવામાં આવી હતી. જયારે નગરપાલિકા દ્વારા ૫૦ રૂપિયા થી ૫૦૦ રૂપિયા સુધીનો દંડની સ્થળ ઉપર જ વસુલાત કરવામાં આવી હતી. જયારે હાઈવે ત્રણ રસ્તા જયભવાની નાસ્તા હાઉસમાંથી માવાનું સેમ્પલ તથા ભૈરવનાથ નાસ્તા હાઉસમાંથી મરચાનો તથા બુંદીના લાડુનો નમૂનો લેવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ ભાંખરીયા તળાવ પાસે આધેડનો પગ લપસતા તળાવમાં ડુબી જવાથી માત

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ભાંખરીયા ટેકરા ઉપર રહેતાં આધેડ તળાવ પાસે કુદરતી હાજતે ગયાં બાદ



પગ લફસતા તળાવમાં ડુબ્યાં હતાં.

પ્રાંતિજ ભાંખરીયા ટેકરા ઉપર રહેતાં મારવાડી વિનુભાઈ ભીખાભાઈ ઉ. વર્ષ-૫૨ કે જેવો ચાર સંતાનોના પિતા છે અને તેવો ભાંખરીયા પાસે કુદરતી હાજતે ગયાં હતાં અને તળાવ પાસે હતાં તે સમયે તેવોનો પગ લપસતાં તેવો તળાવમાં ડુબ્યાં હતાં ત્યારે બૂમાબૂમ થતા લોકો દોડી આવ્યાં હતાં અને પ્રાંતિજ ફાયરટીમને જાણ કરવામાં આવી હતી અને ફાયર ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી હતી અને હિંમતનગર ફાયર ટીમને જાણ કરતા તેવો પણ દોડી આવ્યાં હતાં તથા સ્થાનિક તરવૈયાની મદદથી ચાર કલાકની મહેનત બાદ આધેડ મૃતક હાલતમાં મળી આવ્યાં હતાં. જયારે પ્રાંતિજ મામલતદાર બી.જી. મકવાણા, નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ સહિત પ્રાંતિજ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં અને મૃતકનું પંચનામું કરી લાશને પ્રાંતિજ સિવિલ ખાતે પી.એમ અર્થે મોકલવામાં આવી હતી.